
# રાજ્ય કક્ષાની નાટ્ય લેખન કાર્યશાળા અહેવાલ (27 ઓક્ટોબર, 2021)

શ્રી આર. પી. અનડા કોલેજ ઑફ એજ્યુકેશન, બોરસદમાં **તા-૨૭/૧૦/૨૦૨૧ના** રોજ સ્વ.કાંતાબેન રામભાઈ પટેલ વ્યાખ્યાન માળા અંતર્ગત **રાજ્ય કક્ષાની નાટ્ય લેખન કાર્યશાળાનું** આયોજન કરવામાં આવ્યું જેમાં મુખ્યવક્તા અને માર્ગદર્શકશ્રી દેવલભાઈ શાસ્ત્રી (Industrial Trainer, Motivational Speaker), શ્રી જયભાઈ મકવાણા (ઈતિહાસ અને પુરાતત્વવિદ) અને શ્રીશબ્બીર ગલેરિયાએ (M.S.University, English, Ph.D. Student) સક્રિય ભૂમિકા ભજવી હતી.

વિવિધ કોલેજોના ૮૫ તાલીમાર્થીઓ, અધ્યાપકશ્રીઓ અને શિક્ષકોએ આ કાર્યશાળાનો લાભ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત સંસ્થાની ભૂતપુર્વ તાલીમાર્થી કાપડિયા નિકિતાના પ્રાર્થના ડાન્સ દ્વારા થઇ હતી. દીપ પ્રાગટ્ય બાદ વક્તાશ્રીઓનો પ્રાથમિક પરિચય આચાર્યશ્રી ડૉ. જે. કે. તલાટીસરે આપ્યો હતો. શ્રી આર.પી.અનડા પરિવારે પુષ્પગુચ્છ અને મોમેન્ટો દ્વારા મહેમાનોનું સ્વાગત કર્યું હતું. વક્તાઓએ નાટ્ય લેખન કાર્યશાળામાં અત્યંત પ્રાસંગિક અધ્યયન મુદ્દાઓ જેવાકે ફિલ્મો, નાટકનો ઈતિહાસ, નાટ્ય લેખન એક વ્યવસાય તરીકે અને તેમાં રહેલી તકો, નાટકની સમજ, નાટકના આયામો, નાટક લેખન અને રજૂઆતને અસર કરતી જરૂરી બાબતો, વિવિધ ભારતીય નાટ્યકારો અને તેમનું વિશેષ પ્રદાનની સમજ દ્વારા સૌને પ્રેરિત કર્યા હતાં .

સમગ્ર કાર્યક્રમ દરમિયાન નાટ્યલેખન અને અભિનયની કળાનું પ્રાથમિક અને પ્રાયોગિક જ્ઞાન પ્રમુખ સ્થાને હતું. કાર્યશાળામાં સહભાગી થયેલ શિક્ષ ણાર્થીઓને ગ્રુપમાં વિભાજિત થઈ ત્વરિત તૈયારી કરીને નાટક રજૂ કર્યા હતા. નાટ્યલેખન કાર્યશાળાના આયોજક તરીકે આચાર્યશ્રી ડૉ.જે. કે. તલાટી, સંયોજક તરીકે ડૉ. મિનાક્ષીબેન સી.વાણિયા અને સહ સંયોજક તરીકે ડૉ.મનોજભાઈ સી. તલાજિયાએ અસરકારક કામગીરી બજાવી હતી. કાર્યક્રમના અંતે ડૉ. મનોજભાઈ સી. તલાજિયાએ કાર્યક્રમનું અહેવાલ વાંચન કર્યું હતું. આભારવિધિ અધ્યાપકશ્રી ડૉ. શંકરભાઈ એલ. જાદવ દ્વારા કરવામાં આવી. કાર્યક્રમનું સંચાલન અધ્યાપકશ્રી ડૉ. હરિશ્ચંદ્ર એસ. રાઠોડ દ્વારા અસરકારક રીતે કરવામાં આવ્યું હતું.




**મુખ્યવક્તા અને માર્ગદર્શકશ્રી:**

- **શ્રી દેવલભાઈ શાસ્ત્રી**
  (Industrial Trainer, Motivational speaker),
- **શ્રી જયભાઈ મકવાણા**
  (ઈતિહાસ અને પુરાતત્વવિદ)
- **શ્રી શબ્બીર ગલેરિયા**

સ્વ. ડી.કે.પટેલ દાવોલવાળા એજ્યુકેશન ટ્રસ્ટ (જૂનું નામ ઇ.એમ.એચ.એસ ટ્રસ્ટ), બોરસદ સંચાલિત

## શ્રી રતનશી પુરુષોત્તમ અનડા શિક્ષણ મહાવિદ્યાલય, બોરસદ

આયોજિત

## *રાજ્યકક્ષાની નાટ્ય લેખન શિબિર* (તા: 27/10/2021 **Wednesday**)

આયોજક: પ્રિ. ડૉ. જે. કે. તલાટી (9898440236)
સંયોજક: ડૉ. મિનાક્ષી સી. વાણિયા (9427871740)
સહસંયોજક: ડૉ. મનોજ સી. તલાજિયા (9427631341)

'ચારિત્ર્ય એ જ જીવન છે' મુદ્રાલેખને વરેલી શ્રી રતનશી પુરુષોત્તમ અનડા શિક્ષણ મહાવિદ્યાલય, બોરસદ ૧૯૭૧માં એડવર્ડ મેમોરિયલ હાઈસ્કૂલ ટ્રસ્ટ તથા જે. ડી. કે. પટેલ દાવોલવાલા એજ્યુકેશન ટ્રષ્ટ દ્વારા સ્થાપવામાં આવી હતી. ટ્રષ્ટના પૂર્વ સેક્રેટરી સ્વર્ગસ્થ રમણભાઈ ધનાભાઈ પટેલની દીર્ઘદ્રષ્ટિ અને અનડા પ્રકાશનના માલિક શ્રી રતનશી પુરુષોત્તમ અનડાના આર્થિક સહયોગથી બોરસદ તાલુકાના વિદ્યાર્થીઓને ઘર-આંગણે શિક્ષણની તાલીમ મળી રહે એ ઉમદા આશયથી આ તાલિમી કોલેજનો પાયો નંખાયો. સંસ્થાના આદ્યસ્થાપક અખંડ ભારતના શિલ્પી લોહપુરૂષ સરદારશ્રી વલ્લભભાઈ પટેલની વિચારધારા 'સમાજસેવા - શિક્ષણના માધ્યમ થકી' હાલ પણ પ્રવાહિત છે.

વર્તમાન સમયમાં ટ્રષ્ટ દ્વારા સંચાલિત સાત અનુદાનિત શૈક્ષણિક સંસ્થાઓ -પ્રાથમિક શિક્ષણ વિભાગથી શરૂ કરીને બી.એડ. કોલેજ સુધીની અભ્યાસિક અને તાલિમી પ્રવૃત્તિ કરાવતી શાળા-મહાશાળાઓ કાર્યરત છે.

ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે સૂક્ષ્મ અધ્યાપન (માઈક્રો ટીચિંગ)નો પ્રસાર કરવામાં શ્રી રતનશી પુરુષોત્તમ અનડા શિક્ષણ મહાવિદ્યાલય, બોરસદનું મોટું યોગદાન રહ્યું છે. ૧૯૭૫માં શિક્ષણવિદ સ્વર્ગસ્થ ડૉ. બી. કે. પાસીના નેતૃત્વમાં સમગ્ર રાજય માટે આ જ સંસ્થામાં ત્રિદિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું; જેના ફળસ્વરૂપ હાલ ગુજરાતમાં બી. એડ.ના અભ્યાસક્રમમાં સૂક્ષ્મ અધ્યાપનનો સમાવેશ થયેલો છે.

શિક્ષણ થકી સમાજસેવાના મૂળ મંત્રને ચરિતાર્થ કરતી આ સંસ્થામાં હાલ શિક્ષણ ક્ષેત્રે તેમજ સામાજિક ઉત્કર્ષમાં પોતાનું યોગદાન આપી શકે તેવા સક્ષમ, કર્મઠ ભાવિ શિક્ષકોના નિર્માણ કાર્ય માટે અભ્યાસિક, સહઅભ્યાસિક તેમજ અભ્યાસેતર વિવિધ પ્રવૃત્તિઓ અંતર્ગત પરિસંવાદ, કાર્યશાળા તેમજ ચર્ચા-સંમેલનનું પણ આયોજન થાય છે.

પ્રસ્તુત કાર્ય શિબિરનું આયોજન પણ આ જ ઉમદા હેતુસર કરવામાં આવેલું છે. સમાજના ઉત્કર્ષ અને ઘડતર માટે સાહિત્ય અને શિક્ષણ બે અમોઘ સાધનો છે. સાહિત્યના અનેક સ્વરૂપો પૈકી નાટક એક એવી પ્રવૃત્તિ છે જેના દ્વારા વિદ્યાર્થીઓ વિવિધ વિષયોનું જ્ઞાન રસપૂર્વક મેળવી શકે છે. વળી, આ જ્ઞાન દીર્ઘકાલીન બને છે. નાટ્યમાં પાત્ર ભજવનાર વિદ્યાર્થીઓમાં સમૂહ ભાવના, સામાજિકતા, નેતૃત્વ અને સહકારની ભાવના વિકસે છે તથા તેઓમાં નાટય વિષયવસ્તુ આધારિત પ્રામાણિકતા, સત્ય પાલન,

ફરજનિષ્ઠા, સામાજિક જવાબદારી જેવા ગુણો પણ આત્મસાત થાય છે. આ સાથે જ વાકઅભિવ્યક્તિ પણ વિકસે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 પણ ગોખણપટ્ટીનો નિષેધ તથા વિદ્યાર્થીની કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાને પોષક પ્રવૃત્તિ સભર અધ્યાપનની હિમાયત કરે છે. નાટક એવી કળા છે જે વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, સમજ અને ભાષા સામર્થ્ય વિકસાવે છે. નાટક દ્વારા શિક્ષણનો હેતુ બાળકોનો સર્વાંગી વિકાસ છે.

બાળકોને નાટક દ્વારા શિક્ષણ આપવાની પ્રયુક્તિ ત્યારે જ અર્થસભર બને જ્યારે શિક્ષણ સાથે સંકળાયેલ શિક્ષકો, પ્રશિક્ષણાર્થીઓ, તાલીમી સંસ્થાના અધ્યાપકો નાટક દ્વારા શિક્ષણનું મહત્વ સમજે તથા વિષયવસ્તુના સ્વરૂપ અને બાળકોની કક્ષા અનુરૂપ દ્રશ્ય-શ્રાવ્ય નાટકની સ્ક્રિપ્ટ તૈયાર કરી શકે. નાટક લેખન દ્વારા લેખન અભિવ્યક્તિ કૌશલ્યની સાથે-સાથે પાત્ર સાથે તાદાત્મ્ય, અન્ય પાત્રના મનોભાવની સમજ, સમસ્યા ઉકેલ પ્રક્રિયાની સમજ અને પરિણામરૂપ ચિંતન શક્તિ વિકસે છે.

IITEએ પણ બી.એડ.ના અભ્યાસક્રમમાં શિક્ષકની વ્યવસાયી ક્ષમતા વિકાસ અર્થે 'ચિંતનાત્મક વાંચન' તેમજ 'શિક્ષણમાં કલા' વિષયો સમાવિષ્ટ કર્યા છે; જે અંતર્ગત પાઠ્ય વિષયવસ્તુને સાહિત્યના અન્ય સ્વરૂપમાં સર્જનાત્મક રીતે રૂપાંતરિત કરવાની પ્રવૃત્તિ તથા નાટક સ્ક્રીપ્ટ લેખનને સુપરત કાર્ય તરીકે તૈયાર કરવાનું સામેલ કર્યું છે. આથી નાટ્ય લેખનની આ રાજ્યકક્ષાની કાર્યશાળામાં સહભાગી સહુ નાટકના વિવિધ પ્રકારોથી માહિતગાર થશે તથા વિષય શિક્ષણ તેમજ સમાજ સુધારણામાં નાટકનું મહત્વ સમજીને અનુરૂપ પ્રકારે નાટક માટે સંવાદ લેખન કરી શકશે.

નાટ્ય લેખન કાર્યશાળામાં ભાગ લેનાર પ્રશિક્ષણાર્થીઓ શાળાના વિદ્યાર્થીઓ સાથે કામ કરીને તેમણે મેળવેલ જ્ઞાન વિદ્યાર્થીઓ સુધી પહોંચતું કરવામાં સહભાગી બનશે.

કાર્યશાળા સહભાગિતા ફી: 150/-

સમય: **27/10/2021 10:00 થી 5:00**

સ્થળ: શ્રી. આર.પી.અનડા કોલેજ ઓફ એજ્યુકેશન,
જૈન દેરાસર પાસે, બોરસદ

<u>કાર્યક્રમની રૂપરેખા:</u>

9:30 થી 10:00 નોંધણી (રજીસ્ટ્રેશન)
10:00 થી 10:30 ઉદ્ઘાટન
10:30 થી 1:00 સૈદ્ધાંતિક ચર્ચા-સમજ
1:00 થી 1:45 ભોજન વિરામ
1:45 થી 3:00 નિરીક્ષિત લેખન કાર્ય જૂથ પ્રવૃત્તિ
3:00 થી 4:00 લેખન નિષ્કર્ષ અને અભિનય રજૂઆત
4:00 થી 4:15 વિરામ
4:15 થી 5:00 ચર્ચા- પ્રશ્નોત્તરી અને સમાપન સમારોહ








સ્ટેટ લેવલના ડ્રામા સ્ક્રીપ્ટ રાઈટીંગ
રીપોર્ટ :- કરણસિંહ સોલંકી
બોરસદ


સ્ટેટ લેવલના ડ્રામા સ્ક્રીપ્ટ રાઈટીંગ
રીપોર્ટ :- કરણસિંહ સોલંકી
બોરસદ





















## Description

### બોરસદ : આર પી અનડા કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે સ્ટેટ લેવલના ડ્રામા સ્ક્રીપ્ટ રાઈટીંગ વર્કશોપનું આયોજન

G24 Live

| 21 | 244 | 29 Oct |
|---|---|---|
| Likes | Views | 2021 |

g24 live
#anand#gujrat#g24livenews
#g24live#borsad